| | |
|---|---|
| રજૂ તારીખ | ૨૨–૦૭–૨૦૧૬ |
| દાખલ તારીખ | ૨૨–૦૭–૨૦૧૬ |
| ફેંસલ તારીખ | ૧૯–૦૨–૨૦૨૧ |
| અવધિ | ૦૪ વર્ષ–૦૬ મહિના– ૨૮ દિવસ |

***મહેરબાન સુરતના અઢારમાં અધિક સત્ર ન્યાયધીશ સાહેબની કોર્ટ મધ્યે,***

**સેશન્સ કેસ નંબર – ૧૬૭/૨૦૧૬**

**આંક –**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી – ૧) સેતાન નાથુ સંગાડીયા**

હાલ રહે. સરથાણા જકાતનાકા, સુરત
મુળ રહે. દેવકા રોડ ફળીયુ, તા. થાંદલા,
જી. જાંબુવા, (મધ્યપ્રદેશ)

**૨) મગનભાઈ ઉર્ફે રમેશ દિતા સંગાડીયા**

હાલ રહે. વરાછા, સીમાડ નાકા,
સંતોષભાઈ ગાર્ડનમાં, સુરત
મુળ રહે. કાળીગમા ગોવાળી પંચાયત, તા. થાંદલા,
જી. જાંબુવા, (મધ્યપ્રદેશ)

ગુનો: – ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૯૫, ૩૯૭ મુજબ.

| | |
|---|---|
| ફરીયાદી સરકાર તરફે | : વિ.પી.પી.શ્રી એન. એલ. સુખડવાલા |
| આરોપી તરફે | : વિ.વ.શ્રી એન. કે. જોશી |

## – જ જ મે ન્ટ –

(૧) આ કામના ફરીયાદીએ ઓલપાડ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૧૭૧/૨૦૧૨ થી તા.૨૫/૧૦/૨૦૧૨ના રોજ આપેલ ફરીયાદની હકીકત સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

તા.૨૪/૧૦/૨૦૧૨ ના રોજ નવરાત્રિનો છેલ્લો દિવસ હોવાથી માતાજીના ગરબા પતાવી ફરિયાદી અને તેમના કુટુંબીજનો રાતના ૧૧.૩૦ વાગ્યે તેમના ઘરમાં સુઇ ગયા હતા. ત્યારે મોડી રાતના રાત્રે ૧.૦૦ વાગ્યાના સુમારે ફરિયાદીના ઘરનો પાછળનો દરવાજો જોર જોરથી ઠોકવાનો અવાજ આવતા ફરિયાદી ઉઠી ગયા હતા અને આગળના રૂમની લાઇટ ચાલુ કરી પાછળ જોવા જતા ફરિયાદીના ઘરમાં બીજા રૂમમાં તથા તેના પાછળના રૂમમાં દસેક માણસો હતા. જે પૈકી એક ઇસમે શર્ટ અને સફેદ લુંગી જેવુ કપડુ પહેર્યુ હતુ. તમામે મોંઢે બુકાની જેવુ બાંધ્યુ હતુ અને તેમના હાથમાં લોખંડનો ઘણ, કુહાડી તથા લાકડીઓ અને લોખંડની પાઇપો હથિયાર સ્વરૂપે હતી. આરોપીઓમાંથી એક જણે ફરિયાદીને જોતાં દોડીને લોખંડના પાઇપનો એક સપાટો ફરિયાદીના જમણા થાપા ઉપર મારી દીધો હતો. આજ આરોપીએ ફરિયાદીનું મોં દબાવીને

ગુજરાતીમાં કહ્યુ હતુ કે, ચુપચાપ રહો અને ઘરમાં જે કંઇ હોય તે સોંપી દો. આમ કહી આરોપીએ ફરિયાદીના કાનમાં પહેરેલી અડધા તોલાની સોનાની બુટ્ટી કાઢી લીધી હતી. આ દરમ્યાન ફરિયાદીનો દિકરો અને દિકરી જાગી ગયા હતા જેમાં ફરિયાદીનો મોટો છોકરો મુકેશ ઉઠીને ફરિયાદી તરફ આવવા જતા આરોપીઓ પૈકી એકે મુકેશને બરડાના ભાગે લાકડીનો એક સપાટો મારી દીધો હતો. આરોપીએ ત્યાર બાદ મુકેશને હાથથી નીચે બેસી જવા ઇશારો કરી નીચે બેસાડી દીધો હતો. આરોપીએ હિન્દીમાં ફરિયાદીના દિકરાને ચાવી નિકાલ એમ કહી ચાવી મેળવી હતી અને કબાટ ચાવી વડે ખોલ્યુ હતુ. આરોપીઓ પૈકી એકે ફરિયાદીની દિકરીના કાનમાં પહેરેલી સોનાની બુટ્ટી કાઢી લીધી હતી. આ દરમ્યાન લોખંડનો કબાટ નહી ખુલતા આરોપીઓએ લોખંડના કબાટ ઉપર ફટકો મારતા તેનું હેન્ડલ તુટી ગયુ હતુ. તેથી આરોપીઓએ કબાટ ઉપર કુહાડીના ઘા માર્યા હતા અને કબાટમાં લોખંડનો સળિયો નાંખી કબાટ ખોલી નાંખ્યો હતો. ત્યાર બાદ કબાટમાં મુકેલ સોનાની ચેઇન, સોનાની બે વીંટી તથા રોકડા રૂ.૫૦,૦૦૦/- કબાટમાંથી કાઢી લીધા હતા. તેઓએ રૂમમાં તપાસ કરતા ફરિયાદીના પુત્ર મુકેશનું તથા તેમની દિકરી હેતલનો મોબાઇલ ફોન તેમજ ફરિયાદીનો પોતાનો મોબાઇલ ફોન લઇ લીધો હતો. ત્યાર બાદ આરોપીઓએ ફરિયાદીના ઘરમાં રાખેલ રોટલી શાક ખાઇ ગયા હતા અને દુધ પણ પી ગયા હતા. ત્યાર પછી આરોપીઓએ ફરિયાદીનું ઘર છોડી નાસી ગયા હતા અને ફરિયાદીના ઘરને બહારથી બંધ કરી દીધુ હતુ. ફરિયાદી અને કુટુંબીજનો ઘરમાં જરના માર્યા બેસી રહ્યા હતા. તે દરમ્યાન આશરે સવારે ત્રણ વાગ્યે ટેમ્પાવાળો

ભીંડા લેવા ફરિયાદીના ઘરે આવતા ગામના ઠાકોરભાઇ પરભુભાઇએ ફરિયાદીના ઘરનો દરવાજો ખોલ્યો હતો. જેથી ગામમાં રહેતા લોકોને લુંટ બાબતે જાણ થઇ હતી. તેના આધારે પોલીસ ફરિયાદ દાખલ થઇ હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદીના ઘરમાં ઘુસી રૂ.૧,૨૦,૦૦૦/- ની મત્તા લુંટી ફરિયાદી અને ઘરના સભ્યોને માર મારી ઈજા પહોંચાડી હતી અને તે અન્વયે ઇ.પી.કો.ની કલમ- ૩૯૫ અને ૩૯૭ અન્વયેનો સજા પાત્ર ગુનો કર્યો હોવાથી ફરિયાદ દાખલ થઇ હતી.

(૨) સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ, તપાસ હાથ ઘરી હતી. જેમાં આરોપી સામે પુરતો પુરાવો જણાતા સી.આર.પી.સી. કલમ-૧૭૩ અન્વયે અદાલત રૂબરૂ ચાર્જશીટ રજુ કર્યુ હતું, જે ફોજદારી કેસ નં.૧૬૦૮/૨૦૧૬ થી નોંધવામાં આવેલ છે.

(૩) આ કામમાં નીચેની અદાલત રૂબરૂ સમન્સ બજતા આરોપી હાજર થયા હતા, તેમને પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપી, સદર કેસ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૯ ની જોગવાઇને આધીન રહી, સેસન્સ ટ્રાયેબલ ગુનો હવાથી, સદરહું કેસ સેસન્સ કોર્ટમાં કમીટ કર્યા હતો, જે સેસન્સ કેસ નં. ૧૬૭/૨૦૧૬ થી રજીસ્ટરે લેવામાં આવ્યો હતો.

(૪) સદરહું કેસ સેશન્સ અદાલતમાં તબદીલ થતાં, આરોપી જયુડીશ્યલ

કસ્ટડીમાં હોય, તેઓને હાજર કરાતા, જયાં મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ આંક – ૦૩ થી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૨૮ અન્વયે આરોપીઓ સામે તહોમતનામું ફરમાવ્યું હતું . તહોમતનામાં અન્વયે દર્શાવેલ ગુનો કબુલ છે કે કેમ તેમ પુછતા, આરોપીઓએ ગુનો કબુલ નહીં હોવાનું જણાવતા આરોપીઓની આંક–૦૪ અને ૦૫ થી પ્લી નોંધવામાં આવી હતી.

(૫) સદર કામે આરોપીઓએ પોતાની સામેનું તહોમત કબુલ કરેલ ન હોવાથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી હતી અને ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સા.નં.૧, નિલેશકુમાર લક્ષ્મણભાઈ પટેલ – પંચ સાહેદ | ૧૧ |
| ૨ | સા.નં.૨, રાજેશભાઈ જગુભાઈ પટેલ – પંચ સાહેદ | ૧૪ |
| ૩ | સા.નં.૩, ધનુબેન મહેશભાઈ પટેલ – ફરિયાદી | ૫૧ |
| ૪ | સા.નં.૪, મુકેશભાઈ મહેશભાઈ પટેલ | ૫૩ |
| ૫ | સા.નં.૫, સતીષભાઈ મહેશભાઈ પટેલ | ૫૪ |
| ૬ | સા.નં.૬, હેતલબેન મહેશભાઈ પટેલ | ૫૫ |
| ૭ | સા.નં.૭, પંકજભાઈ ભાણજીભાઈ લોહાણા | ૫૮ |
| ૮ | સા.નં.૮, હિતેન્દ્રકુમાર નટવરલાલ રાવ | ૬૦ |
| ૯ | સા.નં.૯, મનહરભાઈ બોડાભાઈ રાઠોડ | ૬૨ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૨ |
| ૨ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૧૩ |
| ૩ | જડતીનું પંચનામુ | ૧૫ થી ૧૭ |
| ૪ | લુંટમાં ગયેલ મોબાઇલ ફોન આરોપી વિજય પાસેથી કબજે કર્યા અંગેનું પંચનામુ | ૧૮ |
| ૫ | આરોપી મેંડાલની અટક કર્યા અંગેનું પંચનામુ | ૧૯ |
| ૬ | આરોપી મેંડાલે સહઆરોપી સાથે જે ઘરમાં લુંટ ચલાવેલ તે બતાવ્યાનું પંચનામુ | ૨૦ |
| ૭ | કલમ– ૨૭ મુજબનું પંચનામુ | ૨૧ |
| ૮ | આરોપી સેતાનનાથુ અને મગનની શરીર સ્થિતીનું પંચનામુ | ૨૨ |
| ૯ | ફરિયાદ | ૫૨ |
| ૧૦ | ઓળખ પરેડનું પંચનામુ | ૫૯ |
| ૧૧ | સુચિપત્ર | ૬૧ |
| ૧૨ | દિનેશભાઇને સાથે રાખી મજુરોના નાંખેલ પડાવનું કરેલ જડતી પંચનામુ | ૬૩ |
| ૧૩ | એફ.એસ.એલ. નો સ્થળ નિરીક્ષણ અહેવાલ | ૬૪ થી ૬૫ |
| ૧૪ | ધનાબેનનું ઇજાનું સર્ટીફીકેટ | ૬૬ |

(૬) ફરીયાદપક્ષનો ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ વિશેષ પુરાવો રજુ કરવો નથી એ મતલબની કલોઝીંગ પુરસીસ આંક – ૬૭ થી ફરીયાદપક્ષે રજુ કરી છે.

(૭) હાલના કામે મુળ ફરીયાદ અન્વયે તપાસ પુર્ણ કરી પકડાયેલા આરોપીઓ સામે જે ચાર્જશીટ થયું તેમાં મુળ ચાર્જશીટને સેશન્સ કેસ નં. ૩૬૪/૨૦૧૪ નંબર આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ જે આરોપીઓ પકડાયા ન હતાં તે ક્રમશઃ પાછળથી પકડાતા વધુ બે પુરવણી ચાર્જશીટ તપાસ કરનાર અમલદાર દ્વારા કરવામાં આવી હતી. જેને સેશન્સ કેસ નં. ૨૦૮/૨૦૧૫ અને ૧૬૭/૨૦૧૬ આપવામાં આવ્યો હતો. આ કામે એક જ ગુનાની તમામ ચાર્જશીટ હોવાથી કોર્ટ દ્વારા તમામ ચાર્જશીટ અન્વયે સંયુક્ત પુરાવો નોંધવામાં આવ્યો હતો. આ દરમ્યાન સેશન્સ કેસ નં. ૧૬૭/૨૦૧૬ના કામે આરોપી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ મીસ. એપ્લીકેશન (ફોર રેગ્યુલર બેઈલ) નં. ૧૪૦૦૮/૨૦૨૦ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા હાલનો કેસ ત્રણ મહિનામાં પુર્ણ કરવા આદેશ અપાયો હોવાથી હાલની પુરવણી ચાર્જશીટના સેશન્સ કેસ નં. ૧૬૭/૨૦૧૬ના અન્વયે નિર્ણય કરવામાં આવી રહ્યો છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થતા ક્રિમી.પ્રોસી.કોડની કલમ– ૩૧૩ મુજબનું આરોપીઓનું વિશેષ નિવેદન નોંધી પુછતાં, આરોપીઓએ ફરીયાદપક્ષનાં તમામ આક્ષેપોનો ઈન્કાર કર્યો હતો તથા તેઓ આ કેસમાં

નિર્દોષ છે તેમ જણાવ્યું હતુ અને હવે તેમને કોઇ પુરાવો આપવા નહીં તેમ જણાવતા કેસ આખરી દલીલ ઉપર આવ્યું હતું.

(૯) ફરીયાદ સંબધે સરકાર તરફે વિ.પી.પી.શ્રી મુખ્યત્વે દલીલ કરી હતી કે, આ કામે બનાવના ભોગબનનાર અને પ્રત્યક્ષદર્શી સાહેદ એવા મુકેશભાઇ પટેલ તથા સતીષભાઇ પટેલ, હેતલ પટેલ અને ધનુબેન પટેલે ફરીયાદીની હકીકતને સ્પષ્ટપણે સમર્થન આપ્યું છે. સાહેદોએ આરોપીઓએ કરેલી ઇજા સ્પષ્ટપણે જણાવી છે. પાંચ કરતાં વધુ વ્યકિતઓ જીવલેણ હથિયાર સાથે આવી હોવાની હકીકત અને ઘરમાંથી જંગમ મિલકત લઇ ગયાની હકીકત સ્પષ્ટપણે જણાવી છે. આરોપીઓને ઓળખી પણ બતાવ્યા છે. ત.ક.અ. શ્રીએ પણ આ કામે ફરીયાદીની હકીકતને સમર્થન આપ્યું છે અને આરોપીઓની ગુનામાં સંડોવણી સાબિત થઇ છે. બનાવ બન્યા પછી તુરંત જ મુદ્દામાલ કબજે થયો છે. સમગ્રપણે ધાડના ગુનામાં આરોપીઓએ લુંટની કોશીષ કરી તથા તેઓ પાંચ કરતાં વધારે સંખ્યામાં હતા અને લુંટ કરવા માટે તેમણે ફરીયાદી અને સાહેદોને મૃત્યુ પહોંચાડવાની કોશીષ કરી તે હકીકત સાબિત થાય છે જેથી ધાડનો ગુનો ફરીયાદ પક્ષ પુરવાર કરે છે. જે કારણસર હાલના આરોપીઓને સજા કરવા ફરીયાદ પક્ષની રજુઆત છે.

આરોપી પક્ષની દલીલ છે કે, કહેવાતી લુંટના કામે લુંટમાં ગયેલ ઘરેણાં અને રોકડ પોલીસ કબજે કરી શકી નથી. ફરીયાદીએ અને ઇજાગ્રસ્તોએ સ્પષ્ટ રીતે આરોપીને ઓળખ્યા નથી. પોલીસે જપ્ત કરેલ મુદ્દામાલની કોઇ પણ

સાહેદના પુરાવામાં ઓળખ થઇ નથી. આરોપીઓ બનાવ સ્થળ હાજર હતા તે દર્શાવતો કોઇ પણ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ પર નથી. પોલીસે ફોરેન્સીક પ્રયોગશાળા પાસે જે પુરાવા એકઠાં કરાવ્યા છે તેને પણ રેકર્ડ પર રજુ થયાં નથી. પંચનામાં સાબિત થતા નથી. મોટાભાગના પંચનામામાં કોઇ રીકવરી નથી. ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો એક કડી થી સંકળાયેલો જણાતો નથી. બનાવ સમયે આરોપીની હાજરી, ચોક્કસ આરોપી દ્વારા ચોક્કસ સાહેદને કરવામાં આવેલી ઇજા, અંદાજે કયાં આરોપી દ્વારા સાહેદોના શરીર ઉપર થી ઘરેણાં ઉતારાવ્યા અને કયાં આરોપી કબાટ તોડ્યુ અને ઘરેણાં ચોર્યા તથા કેટલા આરોપી હતા વિગેરે અત્યંત મહત્વના મુદ્દે ફરીયાદ પક્ષે ચોક્કસ કોઇ પુરાવો નથી. જેથી આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયા છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા આરોપી પક્ષની રજુઆત છે.

**(૧૦)** ઉભય પક્ષોની દલીલોને નજર સમક્ષ રાખી, રેકર્ડ ઉપર રજુ પુરાવાને વંચાણે લેતા, સદર કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ પાંચ થી વધુ સંખ્યામાં ભેગા થઇ તા.૨૫/૧૦/૨૦૧૨ના રોજ સવારે એકાદ વાગ્યાના સુમારે ફરીયાદીના ઘરમાં ઘુસી જઇ સાથે

લોખંડનો ઘણ, કુહાડી અને લાકડી તથા લોખંડની પાઇપો સાથે રાખી ફરીયાદી અને તેના પુત્રને પાઇપથી ઈજા પહોંચાડી ઘરમાંથી લુંટ ચલાવી ફરીયાદી અને સાહેદોને ઘરમાં પુરી દઈ લુંટ કરી ફરીયાદીના ઘરમાં ધાડ પાડી હતી અને આમ કરી તમો આરોપીઓએ ઈ. પી. કો. કલમ–૩૯૫, ૩૯૭ અન્વયેનો શિક્ષાપત્ર ગુનો કર્યો છે ?

૨. શું આખરી હુકમ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

* **મુદ્દા નંબરઃ ૧,૨ –**

**(૧૨)** ફરીયાદપક્ષની ફરીયાદ અન્વયે આરોપીઓ ઉપર મુખ્યત્વે ઈ. પી. કો. કલમ–૩૯૫ અને ૩૯૭ ના ગુનાનું તહોમત છે. ઈ. પી. કો. કલમ–૩૯૫ નો સંદર્ભે ઈ. પી. કો.ની કલમ –૩૯૧ના મુળમાં રહેલો છે. આરોપીઓ ઉપર ધાડ પાડવાના ગુનાનું તહોમત છે. પાંચ કે તેથી વધુ વ્યકિતઓ મળીને સામુહિક રીતે લુંટનો ગુનો કરે ત્યારે ધાડ પાડી કહેવાય. આ ગુનામાં મહત્વની બાબત

વ્યકિતની સામેલગીરી છે. લુંટ કરવા માટેનો સામાન્ય ઈરાદો તમામ આરોપીઓ વચ્ચે હતો તે એક જરૂરી તત્વ ધાડના ગુનામાં મહત્વનું ગણાય. આ કલમ હેઠળ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે અનિવાર્યપણે એવી હકીકત પુરવાર કરવી પડે કે, પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ સામુહિક રીતે લુંટનો ગુનો કર્યો છે. તે જ રીતે જ્યારે ધાડ પાડવાનો ગુનો બને ત્યારે આરોપીઓ પૈકી કોઈ એકે પણ પ્રાણઘાતક હથિયારનો ઉપયોગ કર્યો હોય અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા પહોંચાડી હોય અથવા મૃત્યુ અથવા મહાવ્યથા પહોચાડવાની કોશીષ કરી હોય ત્યારે ઈ. પી. કો. ની કલમ – ૩૯૫ સાથે ઈ. પી. કો.ની કલમ–૩૯૭ અન્વયનો ગુનો બને. સંક્ષિપ્તમાં ફરીયાદપક્ષે આ બે કલમો અન્વયેનો ગુનો સાબિત કરવા માટે તે હકીકત સાબિત કરવી પડે કે, આરોપીઓએ લુંટ કરી હતી અને આવો ગુનો કરતી વખતે આરોપીઓની સંખ્યા કુલ મળીને પાંચ કે તેથી વધારે હતી. આરોપીઓએ અથવા તે પૈકી કોઈ એકે પ્રાણઘાતક હથિયારનો પણ ઉપયોગ કર્યો હતો. ફરીયાદપક્ષ તેમના પુરાવાના આધારે આ બાબત સાબિત કરે ત્યારે આરોપીઓ સામેનો ગુનો સાબિત થયેલો ગણી શકાય.

(૧૩) ઉપરોક્ત કાયદાકીય પરીસ્થિતિના અનુસંધાને ફરીયાદપક્ષનો રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈએ તો, સમગ્ર પુરાવો મુખ્યત્વે ભોગ બનનાર અને બનાવના પ્રત્યદર્શી સાહેદો તથા પોલીસે કરેલા પંચનામાના પંચ સાહેદો, સાહેદોને ઈજાની સારવાર આપનાર ડોક્ટરોના પુરાવા ઉપર તેમજ પોલીસ સાહેદોની જુબાની ઉપર આધારીત છે.

(૧૩.૧) ફરીયાદની હકીકતે પુરાવાની શૃંખલાને જોડવા માટે બનાવવાળી ઘટના બની તે પહેલાંના કોઇ વિશેષ સાક્ષી નથી પંરતુ બનાવ સમયે હાજર રહેવા તમામ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લઇએ તો, ફરીયાદપક્ષે બનાવના ફરીયાદી ધનુબેન પટેલ તથા તેમના પુત્ર મુકેશભાઇ પટેલ, સતિષભાઇ પટેલ અને તેમની પુત્રી હેતલબેન પટેલનો મૌખિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યો છે. આ તમામ સાહેદો બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદો છે તથા બનાવના ભોગ બનનાર પણ છે. આ અનુસંધાને પુરાવાનું વિશ્લેષણ કરીયે તો આંક–૫૧ થી ફરીયાદી ધનુબેન પટેલને ફરીયાદપક્ષે તપાસ્યા છે. ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદના મૌખિક પુરાવામાં તેઓ જણાવે છે કે, તેમના ઘરમાં પંદર થી સોળ જણા બનાવ સમયે પ્રવેશેલાં જ્યારે ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે દસેક માણસો ઘરમાં હાજર હતા. સાહેદ મૌખિક પુરાવામાં જણાવે છે કે, આરોપીએ ઘરમાં ધુસીને લાઇટો સળગાવેલી હતી જ્યારે ફરીયાદની હકીકત તા.૨૫/૧૦/૨૦૧૨ના રોજ ફરીયાદીના ઘરનો પાછલો દરવાજો જોરથી ઠોકવાનો અવાજ આવતાં ફરીયાદી ઉઠી ગયા અને તેમણે આગળના રૂમની લાઇટ ચાલુ કરી હતી. ફરીયાદી મૌખિક પુરાવામાં જણાવે છે કે, તેમણે આરોપીઓને જોતાં તેઓ કોણ છે તેવું પુછતાં આરોપીઓ પૈકી બે ઇસમોએ ફરીયાદીને પગમાં તેમજ માથામાં તથા શરીરના અન્ય ભાગોમાં સપાટા મારી બેસી રહેવા જણાવ્યું હતું. જ્યારે ફરીયાદીની ફરીયાદમાં ફરીયાદીએ તમે કોણ છો? તેવું પુછ્યું હોય તેવી માહીતી નથી. ફરીયાદીને જોઇ આરોપીઓ

પૈકી એક ઈસમ દોડી આવીને ફરીયાદીને લોખંડના પાઈપનો જમણા થાપા પર સપાટો મારી દીધેલો. તેવી હકીકત ફરીયાદમાં છે પણ ફરીયાદીને પગમાં, માથામાં તથા શરીરના અન્ય ભાગે ઈજા કરી હોય તેવી હકીકત ફરીયાદમાં નથી. ફરીયાદી મૌખિક પુરાવામાં જણાવે છે કે, આરોપીઓએ તેમના ઘરનુ કબાટ તોડી રોકડા રૂપિયા પચાસ હજાર તથા સોનાની ચાર નંગ ચેઈન તેમજ સોનાની વીંટી અને ચાંદીના બે જોડી સાંકળા તથા કાનમાં પહેરેલી સોનાની કડીયો પણ કઢાવી લીધી હતી. જ્યારે ફરીયાદમાં કબાટમાંથી સોનાની એક ચેઈન, સોનાની બે વીંટી કાઢી લીધી હોવાની હકીકત જણાવે છે. ફરીયાદી કહે છે કે, તેમના કાનની બુટ્ટી કાઢી લીધી હતી જ્યારે ફરીયાદમાં જણાવે છે કે, તેમની છોકરીના કાનમાંથી સોનાની બુટ્ટી કાઢી લીધેલી હતી. ફરીયાદી મૌખિક પુરાવામાં જણાવે છે કે, આરોપીઓ તેમના ઘરનો દરવાજો બંધ કરીને ભાગી ગયા હતાં. ત્યારે તેમના ગામના મનહરભાઈ બનાવની જાણ પોલીસમાં કરી હતી. સાહેદ કોર્ટમાં આરોપીઓને ઓળખી શકતા નથી. સમગ્રપણે ફરીયાદીની ફરીયાદ અને મૌખિક પુરાવામાં વિરોધાભાસ જોવા મળે છે. પુરાવાના મુલ્યાંકનના નિયમ મુજબ ફરીયાદ અને મૌખિક પુરાવામાં સામાન્ય વિરોધાભાસ હોય તો તેનાથી પુરાવાની વિશ્વસનીયતાને શંકાના વ્યાપમાં લાવી શકાય નહી પરંતુ ફરીયાદીએ ભોગ બનનાર વ્યક્તિ પણ છે. સમગ્ર બનાવની સૌથી વિશેષ માહીતી ફરીયાદીને છે ત્યારે તેમના મૌખિક પુરાવામાં બનાવના ઘટનાક્રમ સંદર્ભે, આરોપીઓની સંખ્યા સંદર્ભે તેમજ આરોપીઓ દ્વારા પહોંચાડવામાં આવેલી ઈજા સંદર્ભે અને લુંટમાં ગયેલ કિમતી મુદ્દામાલની માહીતી સંદર્ભે જે હકીકતો મૌખિક પુરાવામાં

આવી છે તે ફરીયાદીની હકીકતે ફરીયાદીના મૌખિક પુરાવા પર શંકા ઉભી કરે તેવી છે. સરકારપક્ષે ફરીયાદીને જે હથિયારથી ઈજા પહોચાડવામાં આવી છે તે સંદર્ભે તે લોખંડની પાઇપની ઓળખ કરાવાઇ નથી. આરોપીઓની ઓળખ પણ ફરીયાદી કરી શકતા નથી. સરતપાસની આ તમામ બાબતો સિવાય ઉલટ તપાસ ધ્યાને લઇએ તો ફરીયાદી સ્પષ્ટ જણાવે છે કે, તેમની ઘરે પંદર થી સોળ ઇસમો ચોરી કરવા આવ્યા હતાં અને તેમના મોઢા ઉપર કપડું બાંધ્યુ હતુ તેથી ફરીયાદી તેમને ઓળખી શક્યા નથી. ફરીયાદી ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તેમના દીકરાને કોણે માર મારેલો તે પણ તેઓ કહી શકે તેમ નથી. સાહેદે મામલતદાર રૂબરૂ જે બે ઇસમોને ઓળખી બતાવ્યા હતા તેને પણ ઉલટતપાસમાં ઓળખી શકતા નથી. સમગ્રપણે આ સાહેદના પુરાવામાં એવી ઘણી બાબતો મુળ ફરીયાદથી વિસંગત અને શંકાસ્પદ છે કે જેની અવગણના કરી શકાય તેમ જણાતુ નથી. જેથી ફરીયાદપક્ષ સંદર્ભે ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી.

**(૧૪)** ફરીયાદ પક્ષે સાહેદ મુકેશભાઇ પટેલ કે, જે બનાવમાં ભોગબનનાર છે તેમનો મૌખિક પુરાવો રેકર્ડ પર આંક-૫૩ થી રજુ છે. સાહેદ તેના મૌખિક પુરાવામાં જણાવે છે કે, રાતના એકાદ વાગ્યાના અરસામાં ઘરમાં તેમની માતાને માર મારતા તેમણે બુમાબુમ કરતાં હું પણ જાગી ગયો હતો અને એક જણાએ મને લાકડીથી બરડામાં નીચે બેસાડી હિન્દીમાં જણાવ્યુ હતુ કે, ચાવી નીકાલ અને તેમ કહેતાં મેં તેમને કબાટની ચાવી આપી દીધેલી હતી. સાહેદના મૌખિક

પુરાવામાં કબાટ ખોલવાનું હેન્ડલ તોડી રોકડ અને સોનાના ઘરેણાં તથા મોબાઇલ ચોરી કર્યાની જે હકીકત ફરીયાદમાં દર્શાવી છે તે તમામ મૌખિક પુરાવામાં સાહેદ જણાવે છે. સાહેદ તેનાં મૌખિક પુરાવામાં બનાવની હકીકતને સમર્થન આપે છે. પરંતુ આરોપી તરીકે પકડાયેલ વ્યકિતઓની ઓળખ કરી શકતા નથી અને આ સાહેદના મૌખિક પુરાવામાં પોલીસે પકડેલ મુદ્ધામાલની પણ ખરાઇ કરવામાં આવી નથી.

(૧૫) ફરીયાદ પક્ષે સાહેદ સતિષભાઇ મહેશભાઇ પટેલ ને આંક–પ૪ થી તપાસ્યાં છે. આ સાહેદ ફરીયાદીના પુત્ર છે અને ભોગબનનાર છે. આ સાહેદના મૌખિક પુરાવામાં પણ બનાવની રાત્રે દસ થી બાર જણા ચોરી કરવા પાછલા બારણાંનો નકુચો તોડી ઘરમાં આવેલાની હકીકત જણાવાય છે. સાહેદ જણાવે છે કે, આરોપી પાસે કુહાડી, પથ્થર, ધારીયું વગેરે હતાં. સાહેદના મૌખિક પુરાવામાં ઘરના સભ્યોને આરોપીઓએ કરેલી ઇજા તથા ચોક્કસ કઇ વસ્તુઓ ચોરાઇ તેની કોઇ જ સ્પષ્ટતા નથી. સાહેદના મૌખિક પુરાવામાં તેઓ કોર્ટ રૂબરૂ આરોપી તરીકે હાજર વ્યક્તિઓ પૈકી કેસરી શર્ટ પહેરેલી એક વ્યકિતને આરોપી તરીકે ઓળખી બતાવે છે. આ વ્યકિતનું નામ શૈતાન નાથુભાઇ સંગાડીયા હોવાનું કોર્ટ રૂબરૂ જાહેર થાય છે. આમ આ સાહેદની સરતપાસમાં આરોપીની ઓળખ સ્પષ્ટ થાય છે. પરંતુ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો, સાહેદ સ્પષ્ટ જણાવે છે કે, પોલીસે તેમને બતાવેલો અને જેનો ફોટો પેપરમાં જોયો હતો. તે આધારે તેઓ આરોપી તરીકે શૈતાન સંગાડીયાને ઓળખી બતાવે છે.

આમ આરોપીની ઓળખ શંકાસ્પદ બને છે.

(૧૬) ફરીયાદ પક્ષે ભોગ બનનાર સાહેદોની શ્રેણીમાં સાહેદ હેતલબેન પટેલને આંક – ૫૫ થી તપાસવામાં આવ્યા છે. સાહેદ બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદ છે. સાહેદ તેના મૌખિક પુરાવામાં જણાવે છએ કે, તા.૨૫/૧૦/૨૦૧૨ના રોજ રાત્રીના બાર વાગ્યા પછી બનાવ બન્યો હતો. સાહેદ તે વખતે વચ્ચેના રૂમમાં સુતા હતા અને તેમના મમ્મી અને બે ભાઇ, મામાની છોકરી ઘરમાં સુતા હતા. સાહેદ તેની સરતપાસમાં જણાવે છે કે, આરોપીઓ દસ થી પંદર જણા હતાં. તેમની પાસે હથિયારમાં કુડાહી, હથોડા અને સળીયા હતાં. સાહેદ જણાવે છે કે, આરોપીઓ મારો મારો કરતાં હતા. તેઓએ મારા મોટાભાઇને પણ માર્યો હતો. સાહેદ લુંટમાં ગયેલી વસ્તુઓ જણાવે છે, સાહેદ કહે છે કે, અમે આપવા તૈયાર હોવા છતાં આરોપીઓએ સોનું ઝુંટવી લીધું હતું તથા ત્રણ મોબાઇલ પણ લઇ ગયા હતા. આરોપીઓ જતી વખતે તેમનો દરવાજો બહાર થી બંધ કરીને ગયા હતાં. સાહેદ જણાવે છે કે, આ દરવાજો ખોલનારને તેઓ ઓળખતા નથી. સાહેદ કોર્ટ રૂબરૂ કેસરી શર્ટ પહેરેલી વ્યકિતને આરોપી તરીકે ઓળખી બતાવે છે અને તે લોખંડનો ઘણ લઇને આવ્યો હતો તેમ જણાવે છે. તે વ્યકિતનું નામ શૈતાન નાથુ સંગાડીયા હોવાનું જાહેર થાય છે. આમ સાહેદના મૌખિક પુરાવામાં ઔપચારીક રીતે ફરીયાદની હકીકતને સમર્થન મળે છે તથા આરોપીની ઓળખ પણ થાય છે પણ સાહેદ ઉલટ તપાસમાં એમ જણાવે છે કે, જે લોકો મોંઢા ઉપર બુકાની બાંધી આવ્યા હતા. તેથી તેમની ઓળખ સ્પષ્ટ થઇ શકતી નથી. તે

આધારે અદાલત રૂબરૂ જે આરોપીની ઓળખ થાય છે તેની ઓળખ વિશ્વસનીય બનતી નથી.

(૧૭) બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદો તથા ઈજા પામનાર સાહેદો પૈકીના ઉપરોક્ત દર્શાવેલા સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લઈએ તો, સૌપ્રથમ કોઇ પણ સાહેદના મૌખિક પુરાવામાં આરોપીઓની ઓળખ સ્પષ્ટ થતી નથી. લુંટના ગુનામાં સાહેદોને થયેલી ઈજા મહત્વની બાબત છે. તેમ છતાં ફરીયાદી અને સાહેદોના મૌખિક પુરાવામાં ઈજા સંદર્ભે જે હકીકત જણાવવામાં આવી છે. તે ફરીયાદ સાથે સુસંગત નથી. ખુદ ફરીયાદીના મૌખિક પુરાવામાં તેમને થયેલી ઈજા બાબતે વિરોધાભાસ જોવા મળે છે. બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદ પદમાબેનને ફરીયાદપક્ષે તપાસ્યા નથી. સાહેદોના મૌખિક પુરાવામાં લુંટમાં ગયેલ મુદ્દામાલ બાબતે આંશિક રીતે સમર્થન મળે છે. પરંતુ તમામ સાહેદો ઘરના સભ્યો છે અને તેમના જ ઘરમાં લુંટ થઇ છે છતાં લુંટમાં ગયેલી ચીજ વસ્તુઓ બાબતે પુરાવામાં સ્પષ્ટતા કરતાં નથી. આ ચારેય સાહેદોના પુરાવામાં ચોક્કસપણે કેટલા આરોપીઓ હતા અને તેમની ગુનામાં શું ભુમિકા હતી તે બાબતે કોઇ પુરાવો નથી. આરોપીઓની ઓળખ અને તેમની ગુનામાં ભુમિકા પુરાવાથી સાબિત થતી નથી.

(૧૮) તપાસના કામે પોલીસે જે મહત્વના પંચનામા કર્યા છે તે પૈકી ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ નિલેશભાઇ લક્ષ્મણભાઇ પટેલને ફરીયાદપક્ષે આંક – ૧૧

થી તપાસ્યા છે. આ સાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાં સંદર્ભે જણાવે છે કે, તેઓ જ્યારે પંચનામા માટે ગયા ત્યારે ફરીયાદી અને બીજા પંચ સાહેદ રમેશભાઈ રાઠોડ હાજર હતાં. ઘરમાં સર સામાન વેર વિખેર પડેલો જણાતો હતો અને તેમની હાજરીમાં પંચનામું થયું હતુ. ફરીયાદપક્ષે આ સાહેદની હાજરીમાં બનાવ પછી સ્નીફર ડોગની હાજરીમાં પોલીસે વિવિધ મુદ્દામાલ રીકવર કર્યુ તેનું પંચનામું આંક – ૧૩ થી રજુ છે અને તે પંચનામાના પંચ સાહેદ હાલના જ સાહેદ છે. આ સાહેદ મૌખિક પુરાવામાં રીકવરી પંચનામામાં જુની ચંપલ, લોખંડનો સળીયો, કુહાડીનો હાથો વિગેરે રીકવર કર્યા બાબતે જણાવે છે. સમગ્રપણે સાહેદ ઔપચારીક રીતે પંચનામાની કાર્યવાહી થઇ હોવાની હકીકત જણાવે છે. તેમજ મુદ્દામાલ રીકવર થયાની હકીકત જણાવે છે તથા આ કાર્યવાહી થઇ ત્યારે બીજા પંચ હાજર હતાં, તેમ જણાવે છે. તપાસ કરનાર અમલદાર અને ફરીયાદી પણ આંશિક રીતે પંચનામાની હકીકતને સમર્થન આપે છે. મુખ્યત્વે તમામ સાહેદોના પુરાવાથી આ બે પંચનામા થયા હશે તેટલી હકીકતને અંશતઃ સમર્થન મળે છે. પરંતુ પંચનામાની કાર્યવાહીમાં મુખ્યત્વે શુ કાર્યવાહી થઇ તે બાબતે પંચ સાહેદનો પુરાવો વિસ્તૃત અને સ્પષ્ટ નથી. જેથી પંચનામાની હકીકતો પુર્ણપણે સાબિત થતી નથી. પંચનામા થયા છે તે અનુમાનના આધારે પંચનામાની હકીકત સાબિત છે તેમ ગણીએ તો પણ ગુનાવાળી જગ્યા કઇ હતી અને પોલીસે જે પણ રીકવર કર્યું તે હકીકત પુરવાર થાય પરંતુ આ બનેવ હકીકતને અન્ય પુરાવાનું સમર્થન જરૂરી છે.

(૧૯) પોલીસે ગુનાના કામે લુંટમાં ગયેલ મુદ્દામાલ ઘરેણાં અને રોકડ કબજે કરવા વિવિધ પંચનામા કર્યા જે રેકર્ડ ઉપર આંક–૧૫ થી ૧૭ અન્વયે રજુ થયા છે. આ પંચનામાના તત્વો ધ્યાને લઇએ તો તેમાં કોઇ વસ્તુ કબજે થયાનું જણાતુ નથી. આ તમામ પંચનામાના પંચ સાહેદ રાજેશ જગુભાઇ પટેલને આંક – ૧૪ થી તપાસ્યા છે. આ પંચ સાહેદે પંચનામાની હકીકતને નકારી છે. તેમને હોસ્ટાઇલ જાહેર કરાતા પંચનામાની તમામ હકીકતને સમર્થન આપતાં નથી. આમ આ તમામ પંચનામા સાબિત થતા નથી. ફરીયાદપક્ષે મુદ્દામાલ મોબાઇલ કબજે કર્યાનું પંચનામું છે. તે આંક – ૧૮ થી રજુ છે. તેના પંચ સાહેદ રાજેશભાઇ જગુભાઇ પટેલને ફરીયાદપક્ષે આંક – ૧૪ થી તપાસ્યા છે. આ પંચ સાહેદે પંચનામાની હકીકતને નકારી છે. તેમને હોસ્ટાઇલ જાહેર કરાતા પંચનામાની તમામ હકીકતને સમર્થન આપતાં નથી. આજ સાહેદને આંક – ૧૯ થી ૨૨ સુધીના તમામ પંચનામામાં પંચ સાહેદ તરીકે જોડવામાં આવ્યાં છે અને સાહેદ આ તમામ પંચનામાની હકીકતને નકારે છે. જે પૈકી આંક – ૨૦નું પંચનામું ડીસ્કવરી પંચનામું છે. પોલીસે ડીસ્કવરી પંચનામામાં કોઇ વસ્તુ કબજે કરી નથી. સંક્ષિપ્તમાં પોલીસે તપાસના કામે ગુનાની ખુટતી કડીઓ સાંકળવા જેટલા પણ પંચનામાઓ કર્યા છે તે તમામ ફરીયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે.

(૨૦) બનાવવાળા સ્થળની મુલાકાત અને તેનો અહેવાલ પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, સુરતના સાયન્ટિફીક ઓફીસર આર. આર.

ચૌધરી તથા એસ. જે. મિસ્ત્રી દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં બનાવ સ્થળેથી ઘીના ડબ્બા ઉપર ફીંગર પ્રિન્ટ મળી છે. તદુપરાંત પોલીસે બનાવના દિવસે ડોગ સ્કોવોડની મદદથી બનાવ સ્થળથી નજીકના ખેતરમાંથી ચંપલ, શાલ, કપડાં, હથિયાર વગેરે કબજે કર્યાનું પંચનામું છે. તે સંદર્ભે પણ જો કોઇ ફોરેન્સીક રીપોર્ટ થયો હોય તો ફરીયાદપક્ષ દ્વારા ફોરેન્સીક અહેવાલ રજુ નથી કે કોઇ સાયન્ટીફીક ઓફીસરને તપાસ્યા નથી. ત.ક.અ.શ્રીના મૌખિક પુરાવામાં વૈજ્ઞાનિક પરીક્ષણો કરાવ્યાનો ઉલ્લેખ છે પરંતુ વિશેષ કોઇ માહીતી નથી.

(૨૧) ફરીયાદપક્ષે પોલીસ સાહેદ મનહરભાઇ રાઠોડ અને તપાસ કરનાર અમલદાર શ્રી એચ. એન. રાવને અનુક્રમે આંક –૬૨ અને આંક – ૬૦ થી તપાસ્યા છે. બનેવ પોલીસ સાહેદોએ સદર કામે તપાસ કરેલી છે. તેમાં સૌપ્રથમ સાહેદ મનહર રાઠોડનો મૌખિક પુરાવો ધ્યાને લઇએ તો બનાવ સમયે ફરીયાદ મળતાં તપાસ કરનાર અમલદારે તપાસ હાથમાં લઇ તપાસની કાર્યવાહી કરી ઓળખ પરેડ કરાવી તથા ગુનાવાળી જગ્યાનું એફ.એસ.એલ નિરીક્ષણ કરાવી તે રીપોર્ટ રેકર્ડ ઉપર રજુ કર્યો છે તથા ફરીયાદીની ઇજાનું સર્ટીફીકેટ આંક – ૬૬ થી રજુ કર્યું છે. સાહેદ તેના મૌખિક પુરાવામાં જણાવે છે કે, આરોપી મેદાલ ઉકાભાઇ ડામોરની ઓળખ પરેડ પણ કરાવી હતી. ત્યાર બાદ સાહેદ હિતેન્દ્રકુમાર રાવ દ્વારા આગળની તપાસ કરવામાં આવી હતી. જેમાં તેમણે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી બાકીના પંચનામા કર્યા હતા અને નિવેદનો લીધા હતાં. બનેવ સાહેદોના મૌખિક પુરાવામાં એ હકીકત સ્પષ્ટ થાય

છે કે, આરોપીઓએ ફરીયાદ મુજબ જે કિમતી મુદ્દામાલ લુંટ્યો હતો તેની રીકવરી થઇ નથી. સાહેદોના મૌખિક પુરાવામાં આરોપીઓની ઓળખ થતી નથી. આરોપીઓની ગુનામાં શું ભુમિકા હતી તે સંદર્ભે કોઇ પુરાવો આવતો નથી. આરોપીઓની ગુનામાં કઇ રીતે સંડોવણી છે તે બાબતે તપાસ કરનાર અમલદારના પુરાવામાં કંઇ જોવા મળતું નથી. એફ.એસ.એલના પરીક્ષણમાં કયા પુરાવા લેવાયા અને તેનો શું રીપોર્ટ આવ્યો તેની પણ તપાસ કરનાર અમલદારના પુરાવામાં સ્પષ્ટતા નથી.

**(૨૨)** ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વિચારણામાં લઇએ તો ફરીયાદી અને બનાવના અન્ય પ્રત્યક્ષદર્શી સાહેદોના મૌખિક પુરાવામાં આરોપીઓની ભુમિકા , તેમના દ્વારા સાહેદોને પહોંચાડવામાં આવેલી ઈજા સંદર્ભે વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. જેથી આરોપીઓની ઓળખ સાબિત થતી નથી. આરોપીઓની ગુનો કરતી વખતે રહેલી કુલ સંખ્યા સાબિત થતી નથી. આરોપીઓએ જ પ્રાણઘાતક હથિયારથી ફરીયાદી અને તેના પુત્રને ચોક્કસ ઈજા પહોંચાડી હોય તે હકીકત સાબિત થતી નથી. સાહેદોને કયા આરોપીએ ઈજા પહોંચાડી તથા કયા આરોપીએ ફરીયાદી, તેમની પુત્રી પાસેથી સોનાની વસ્તુઓ કઢાવી લીધી તથા કબાટ તોડીને કોણે ચીજ વસ્તુઓ કાઢી તથા મોબાઇલ લઇ લીધા તે બાબતે ફરીયાદપક્ષનો કોઇ પુરાવો નથી. ફરીયાદીની ઈજા સંદર્ભેનો ફરીયાદીનો જ પુરાવો ફરીયાદપક્ષને સમર્થન આપતો નથી. ફરીયાદી સિવાય ફરીયાદપક્ષે પોલીસે જે પણ પંચનામા કર્યા છે તે તમામ પંચનામા સાબિત થતા નથી.

લુંટના કામે આરોપીઓએ લુંટેલા ઘરેણાં પોલીસે રીકવર કર્યા નથી. પોલીસે લુંટમાં ગયેલા મુદ્દામાલ મોબાલઈનું જે પંચનામું કર્યું છે તે સાબિત થતું નથી. પોલીસે હાલના કેસના જે પણ આરોપીઓને પકડ્યા છે તેમની ઓળખ પરેડ કરાવી નથી. ફરીયાદપક્ષે ફરીયાદીને સારવાર આપનાર ડો.શ્રીને તપાસ્યા નથી. બનાવના અન્ય પ્રત્યક્ષદર્શી સાહેદ પદમાબેનને પણ ફરીયાદપક્ષે તપાસ્યા નથી. સમગ્રપણે આરોપીઓ દ્વારા પ્રાણઘાતક હથિયારો લઈ ફરીયાદી અને તેના ઘરના સભ્યોની પ્રાણઘાતક હથિયારો વડે મહાવ્યથા પહોંચાડી અથવા મૃત્યુ નિપજી જાય તેવી ઈજા પહોંચાડી ઘરમાંથી કિંમતી વસ્તુઓની લુંટ કરી હોય અને આવી લુંટ કરતાં સમયે લુંટમાં ભાગ લેનાર આરોપીઓની સંખ્યા પાંચ થી વધુ હતી તેવી હકીકત ફરીયાદપક્ષનો પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપી સામે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો છે. તેથી મુદ્દા નં. ૧નો જવાબ હું નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

સદર કામના તહોમતદાર નં. ૧) **સેતાન નાથુ સંગાડીયા,** રહે. સરથાણા જકાતનાકા, સુરત, મુળ રહે. દેવકા રોડ ફળીયુ, તા. થાંદલા, જી. જાંબુવા, (મધ્યપ્રદેશ), તથા તહોમતદાર નં.૨) **મગનભાઈ ઉર્ફે રમેશ દિતા સંગાડીયા,** રહે. વરાછા, સીમાડા નાકા, સંતોષભાઈ ગાર્ડનમાં, સુરત, મુળ

રહે. કાળીગમા ગોવાળી પંચાયત, તા. થાંદલા, જી. જાંબુવા, (મધ્યપ્રદેશ) નાને ઓલપાડ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૧૭૧/૨૦૧૨ , ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫, ૩૯૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવો.

આ કામના આરોપીએ સ્થાનિક રહેવાસી ન હોવાથી ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ)મુજબ અપીલના કામે હાજર રહેવા સબબ રૂ.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજારના જાત મુચરકા રજુ કરવો.

આ કામના આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય, તેઓની અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો, આ ગુનાના કામે તાત્કાલીક જેલ મુકત કરવા અંગેની જરૂરી યાદી જેલ ઓથોરીટીને મોકલી આપવી.

હુકમ આજ **તારીખઃ ૧૯**મી **માહે ફેબ્રુઆરી સને ૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

---------------

તારીખઃ ૧૯/૦૨/૨૦૨૧ **( અદ્વૈત સુરેન્દ્ર વ્યાસ )**

સ્થળ : સુરત અઢારમા એડીશ્નલ સેસન્સ જજ,

[UNIQUE ID NO. GJ00709]